# NOTIFICATION
## Home Department,
## Sachivalaya, Gandhinagar,
## Dated the 17th December, 2015.

Constitution of India.

No.GG/80/2015/FSL/102008/1984 /A:- In exercise of the powers `conferred by the proviso to article 309 of the Constitution of India and in supersession of all the rules made in this behalf, the Governor of Gujarat hereby makes the following rules to provide for regulating recruitment to the post of Junior Expert, Class III, in the subordinate service under the Directorate of Forensic Science , Gujarat State ,namely:-

1. These rules may be called the Junior Expert, Class III, (Directorate of Forensic Science) Recruitment Rules, 2015.

2. Appointment to the post of Junior Expert, Class III, in the subordinate service under the Directorate of Forensic Science ,Gujarat State shall be made, either, -

**(a)** by promotion of a person of proved merit and efficiency from amongst the persons, who-

(i) have worked for not less than five years in the cadre of Searcher, Class III, in the subordinate service of the Directorate of Forensic Science, Gujarat state;

(ii) possess the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967:

Provided that where the appointing authority is satisfied that a person having the experience specified in sub- clause (i) above is not available for promotion and that it is necessary in the public interest to fill up the post by promotion even of a person having experience for a lesser period; it may, for reasons to be recorded in writing, promote such person who possesses experience of a period of not less than two -thirds of the period specified in sub- clause (i) above; or

**(b)** by direct selection.

3. Appointment by direct selection and by promotion shall be made in the ratio of 1:1, respectively.

4. To be eligible for appointment by direct selection to the post mentioned in rule 2, a candidate shall,-

(a) not be more than 30 years of age -:

Provided that the upper age limit may be relaxed in favour of a candidate who is already in the service of the Government of Gujarat in accordance with the provisions of the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967;

(b) possess -

(i) a degree in Science obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as University under section 3 of the University Grants Commission Act,

1956; or possess an equivalent qualification recognised as such by the Government;

(ii) the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General)Rules, 1967;

(iii) adequate knowledge of Gujarat or Hindi or both;

**(c)** not be colour blind or squint;

**(d)** be certified by the Civil Surgeon to posses the visual standard as below :-

| | Right eye | Left eye |
|---|---|---|
| (i) Distant vision | 6/5 | 6/5 (shellon) |
| (ii) Near vision. | 0/5 | 0/5 |

5. The provision of rule 9A of the Gujarat Civil Services Classification and Recruitment(General)Rules,1967 shall be applicable in respect of a candidate appointed by direct selection.

6. The candidate appointed by direct selection shall have to undergo such training and pass All India Board Examination for Fingerprint Expert conducted by the National Crime Record Bureau as may be prescribed by the Government.

7. The candidate appointed by direct selection shall be required to furnish a security and surety bond in such form, for such amount and for such period as may be prescribed by the Government.

By order and in the name of the Governor of Gujarat.

(Dhimant Patel )

**Deputy Secretary to Government**

**Copy forwarded with compliments to:-**

- The Secretary to the Governor of Gujarat,Gandhinagar. (By letter)
- The Principal Secretary to the Hon. Chief Minister,Swarnim Sankool-1,Gandhinagar.
- The Personal Secretary to MoS (Home),Swarnim Sankool-2,Gandhinagar.
- The Director, Forensic Science Laboratory,Gujarat State,Gandhinagar.
- The Legal Department, Sachivalaya, Gandhinagar.
- The General Administration Department, Sachivalaya, Gandhinagar
  With a request to incorporate these rules in manual of classification and Recruitment Rules.
- The legislative and Parliamentary affairs Department,Sacgivalaya,Gandhinagar.
- The Manager, Government Central Press, Gandhinagar
  With a request to publish this notification in part IX B of the Gujarat Government Gazette and to furnish 100 copies to this Department immediately.
- S.O. (I.T.) Home Departnent, Sachivalaya, Gandhanagar. With a request to upload Notification on the department's Website.
- The select file.
- Dy. S.O. Select file.

ન્યાય સહાયક વિજ્ઞાન ખાતાના જુનીયર એક્ષપર્ટ,વર્ગ-૩ની
જગ્યા પર કરાર આધારિત નિમણૂંકઆપવાની બોલીઓ અને
શરતો નકકી કરવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ ફસલ/૧૦૨૦૦૮/૧૯૮૪/અ
સચિવાલય, ગાંધીનગર .
તારીખઃ- ૧૭/૧૨/૨૦૧૫

વંચાણમાં લીધાઃ- ૧. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃસીઆરઆર-૧૧-૨૦૦૮-૪૩૩-૭૧૭-ગ.૫ તાઃ-૪/૬/૨૦૦૯

૨.ગૃહવિભાગના જાહેરનામા ક્રમાંક No.GG/80/2015/FSL/102008/1984/A તા: ૧૭/૧૨/૨૦૧૫.

**ઠ રા વઃ-**

આમુખમાં ક્રમાંક : (૨)માં દર્શાવેલ ગૃહ વિભાગના જાહેરનામાથી જુનીયર એક્ષપર્ટ વર્ગ-૩ની જગ્યા માટેના ભરતી નિયમો બહાર પાડવામાં આવેલા છે. આ ભરતી નિયમોમાં ઠરાવેલ લાયકાતો મુજબ સીધી ભરતીથી જુનીયર એક્ષપર્ટ , વર્ગ-૩ની જગ્યા પર પસંદગી પામેલ ઉમેદવારને સરકારશ્રીની હાલની નીતિ અનુસાર પ્રથમ પાંચ વર્ષ માટે કરાર આધારિત નિમણૂંક ફીકસ પગારથી આપવાની રહે છે.

પ્રસ્તુત બાબતમાં આમુખમાં ક્રમાંક : (૧) પર દર્શાવેલ સામાન્ય વહીવટ વિભાગના તા:૪/૦૬/૨૦૦૯ના ઠરાવથી વર્ગ-૩ની જગ્યા ઉપર કરાર આધારિત ફીકસ પગારથી નિમણૂંક આપવામાં આવે તેવા સંબંધિત કર્મચારીઓની કરારીય સમયગાળા માટેની સેવાની શરતો અને બોલીઓ નકકી કરવાની બાબત ઠરાવેલ છે. તે ધ્યાને લઇ જુનીયર એક્ષપર્ટ , વર્ગ-૩ની જગ્યા સીધી ભરતીથી ભરવામાં આવે ત્યારે કરારીય સમયગાળા માટેની કરારની બોલીઓ અને શરતો આ સાથે સામેલ પત્રક-૧માં દર્શાવ્યા મુજબ નિયત કરવાની રહેશે.

કરાર આધારે ફીકસ પગારે નિમણૂંક મેળવનાર જુનીયર એક્ષપર્ટ , વર્ગ-૩ની કામગીરીનું દર વર્ષે તુરતના ઉપરી અધિકારીએ આ સાથેના સામેલ પત્રક મુજબ મુલ્યાંકન

કરવાનું રહેશે અને સંબંધિત સમીક્ષક અધિકારીએ આવા મુલ્યાંકનની સમીક્ષા કરવાની રહેશે. ફરજના સમયગાળાની કોઇપણ પ્રકારની અવધીને બાધ આવ્યા સિવાય કરાર આધારે ફીકસ પગારથી નિમણૂંક મેળવનાર જુનીયર એક્ષપર્ટ , વર્ગ-૩ એ સંબંધિત ઉપરી અધિકારીના તાબામાં જે સમયગાળા દરમ્યાન ફરજો બજાવી હોય તેને ધ્યાને લઇ મૂલ્યાંકન અહેવાલો લખવાના રહેશે અને તદ્વાનુસાર તેની સમીક્ષા કરવાની રહેશે.

ફીકસ પગારથી ઉમેદવારને કરાર આધારીત નિમણૂંક આપવા અંગેનો સંબંધિત ઉમેદવાર માટેનો જે હુકમ કરવામાં આવે તેમાં નીચેની બાબતોનો સમાવેશ કરવાનો રહેશે.

(૧) જે જગ્યા ઉપર કરાર આધારે નિમણૂંક આપવામાં આવતી હોય તે જગ્યા દર્શાવવાની રહેશે.

(૨) કરાર આધારે નિમણૂંક જે માસીક ફીકસ પગારથી આપવામાં આવતી હોય તેની વિગતો દર્શાવવાની રહેશે.

(૩) કરારના સમયગાળાની વિગતો દર્શાવવાની રહેશે.

(૪) આ નિમણૂંક હુકમમાં કરારના સમયગાળા બાદ, સેવાની શરતો અને બોલીઓને આધિન કરાર આધારે નિમણૂંક આપેલ ઉમેદવારને જે જગ્યાના નિયમિત પગારધોરણમાં નિમણૂંક આપવામાં આવશે તે અંગેની વિગતો દર્શાવવાની રહેશે.

(૫) ફીકસ પગારથી ઉમેદવારને કરાર આધારે જે જગ્યા ઉપર નિમણૂંક આપવામાં આવે તે જગ્યાના ભરતી નિયમો, ખાતાકિય પરીક્ષા નિયમો તથા પૂર્વ સેવા તાલીમ અને તાલીમાન્ત પરીક્ષાના નિયમોમાં જો અજમાયશી સમય દરમ્યાન આવી પરીક્ષાઓ પાસ કરવાની જોગવાઇ હોય તો સંબંધિત ઉમેદવારે આવી પરીક્ષા કરારીય સમયગાળા દરમ્યાન પાસ કરવાની રહેશે. તેની વિગતો દર્શાવવાની રહેશે.

(૬) કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા નિયમો, ૨૦૦૬ ની જોગવાઇ મુજબ સંબંધિત ઉમેદવારે કોમ્પ્યુટર અંગેની જે પરીક્ષા પાસ કરવાની રહેતી હોઇ, તેની વિગતો દર્શાવવાની રહેશે.

(૭) શારીરિક યોગ્યતા પ્રમાણપત્ર, ચારીત્ર્ય અને પૂર્વ ઇતિહાસ, પોલીસ તપાસ, હાજર થવાનો સમય, પ્રમાણપત્રની ચકાસણી, અગાઉની સેવામાંથી ફરજમુકિત વિગેરે જેવી બાબતો.

આ હુકમો ગૃહ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સામાન્ય વહીવટ વિભાગની તા:.૨૫/૦૬/૨૦૧૫થી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.આર.ભમ્મર)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- મહામહીમ રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. .
- સેકશન અધિકારીશ્રી,ગ-૫ શાખા,સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ,/શાખા સિલેક્ટ ફાઇલ

:: પત્રક – ૧ ::

# કરાર આધારે ફિક્સ પગારથી જુનીયર એક્ષપર્ટ, વર્ગ-૩ની જગ્યાએ નિમણૂંક મેળવનાર કર્મચારીની સેવાની શરતો અને બોલીઓ:-

(૧) શ્રી/શ્રીમતી/કુ.............................................................................(ઉમેદવારનું નામ દર્શાવવું)ને જુનીયર એક્ષપર્ટ વર્ગ-૩ની જગ્યા ઉપર રૂ.૧૫,૫૦૦/-ના માસિક ફીકસ પગારથી તેઓ હાજર થાય તે તારીખથી પાંચ વર્ષના સમયગાળા માટે કરાર આધારે નિમણૂંક આપવામાં આવે છે. આ નિમણૂંક નામદાર સુપ્રિમ કોર્ટમાં નોંધવામાં આવેલ એસ.એલ.પી. નં.૧૪૧૨૪-૧૪૧૨૫/૨૦૧૨ના આખરી ચુકાદાને આધિન રહેશે.

(૨) શ્રી/શ્રીમતી/કુ.:...........................................................................(ઉમેદવારનું નામ દર્શાવવું)ને સરકારી કર્મચારી તરીકે મળતા લાભો પૈકીના કોઇ લાભો મળવાપાત્ર રહેશે નહીં કે તેઓ આવા લાભોની માંગણી કરી શકશે નહીં.

(૩) શ્રી/શ્રીમતી/કુ.:...........................................................................(ઉમેદવારનું નામ દર્શાવવું)ને કરારીય સમયગાળા દરમ્યાન સરકારી કામકાજ અર્થે મુસાફરી કરવાના પ્રસંગો ઉપસ્થિત થાય ત્યારે તેમને નાણાં વિભાગના તા:-૧૯/૯/૨૦૦૨ના પરિપત્ર ક્રમાંક : મસભ-૧૦૨૦૦૨-૧૧૯૮૦-ચ ની જોગવાઇ મુજબ મુસાફરી ભથ્થું તથા દૈનિક ભથ્થું મળવાપાત્ર રહેશે.

(૪) શ્રી/શ્રીમતી/કુ.:...........................................................................(ઉમેદવારનું નામ દર્શાવવું)ને કરારીય સમયગાળા દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૨ પરચૂરણ રજાઓ મળવાપાત્ર થશે. અન્ય કોઇ રજાઓ મળવાપાત્ર થશે નહીં. તે સિવાય ફરજ પરથી ગેરહાજર રહેશે તો તેવી ગેરહાજરીના દિવસના વેતનની કપાત ફીકસ પગારમાંથી કરી લેવામાં આવશે. પરંતુ મહિલા કર્મચારીઓને ગુજરાત મુલ્કી સેવા નિયમો-૨૦૦૨ના નિયમોની જોગવાઇઓ મુજબ પ્રસૂતિ રજાઓ મળવાપાત્ર થશે

(૫) શ્રી/શ્રીમતી/કુ.:...........................................................................(ઉમેદવારનું નામ દર્શાવવું)નો આ કરારીય સેવાનો સમયગાળો નોકરી વિષયક, સેવા વિષયક કે સરકારની રહેમરાહે નિમણૂંકની નીતિ અન્વયે મળવાપાત્ર લાભો માટે ધ્યાને લેવામાં આવશે નહી.

(૬) શ્રી/શ્રીમતી/કુ.:.................................................................................(ઉમેદવારનું નામ દર્શાવવું)એ શાખા/કચેરીના તુરતના ઉપરી અધિકારી તથા ઉચ્ચ અધિકારીઓ દ્વારા સોંપવામાં આવે તેવી ફરજો અને જવાબદારીઓ નિભાવવાની રહેશે.

(૭) શ્રી/શ્રીમતી/કુ.:.................................................................................(ઉમેદવારનું નામ દર્શાવવું)એ સામાન્ય રીતે કચેરી સમય દરમ્યાન ફરજો બજાવવાની રહેશે. પરંતુ, તેમ છતા સંબંધિત ઉપરી અધિકારી દ્વારા સુચના આપવામાં આવે ત્યારે તેમણે કચેરી સમય સિવાયના સમયે પણ ફરજો બજાવવાની રહેશે.

(૮) શ્રી/શ્રીમતી/કુ.:.................................................................................(ઉમેદવારનું નામ દર્શાવવું) કરારના નિમણૂંકના સમયગાળા દરમ્યાન ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, ૧૯૭૧થી વર્તણૂંક અંગેના જે નિયમો નિયત કરવામાં આવેલ તે મુજબ વર્તણૂંક કરે તે અપેક્ષિત છે.

(૯) શ્રી/શ્રીમતી/કુ.:.................................................................................(ઉમેદવારનું નામ દર્શાવવું)એ આ સાથે બિડેલ પત્રક-૨ પ્રમાણેની બાહેંધરી આપવાની રહેશે.

(૧૦) શ્રી/શ્રીમતી/કુ.:.................................................................................(ઉમેદવારનું નામ દર્શાવવું)ને નીચેની બાબતો લક્ષમાં લઇ કરારીય સમયગાળા બાદ જુનીયર એક્ષપર્ટ , વર્ગ-૩ સંવર્ગના નિયમિત પગારધોરણ રૂ.૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે રૂ.૪૨૦૦/- માં નિમણૂંક આપવા બાબતે વિચારણા કરવામાં આવશે,

(૧) શ્રી/શ્રીમતી/કુ.:.................................................................................(ઉમેદવારનું નામ દર્શાવવું) કરારના સમગ્ર સમયગાળાના મૂલ્યાંકન અહેવાલના આધારે નિયમિત પગારધોરણમાં નિમણૂંક આપવા બાબતે વિચારણા કરવામાં આવશે.

(૨) શ્રી/શ્રીમતી/કુ.:.................................................................................(ઉમેદવારનું નામ દર્શાવવું) કરારના સમયગાળા દરમ્યાન જુનીયર એક્ષપર્ટ, વર્ગ-૩ની જગ્યાની નિયત કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા પસાર નહીં કરે તો તેમને સંબંધિત જગ્યા ઉપર નિયમિત પગારધોરણમાં નિમણૂંક આપવામાં આવશે નહીં અને તેમની સેવાનો અંત લાવવા અંગેની વિચારણા કરવામાં આવશે.

(૧૧) શ્રી/શ્રીમતી/કુ.:.................................................................................(ઉમેદવારનું નામ દર્શાવવું)ને ઉપરોકત ક્રમાંક-(૧૦)ની જોગવાઇ મુજબ કરારીય સમયગાળા બાદ જુનીયર એક્ષપર્ટ, વર્ગ-૩ સંવર્ગના નિયમિત પગારધોરણ રૂ.૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે રૂ.૪૨૦૦/-માં નિમણૂંક આપવામાં આવશે ત્યારે –

(૧) ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૦૯ના નિયમ-૮ની જોગવાઇ મુજબ, શીડયુલ-બીમાં દર્શાવ્યા મુજબ પે-બેન્ડમાં નિયત થયેલ પગાર + ગ્રેડ પે રૂ.૪૨૦૦/- તથા અન્ય નિયમાનુસારના ભથ્થાંઓ મળવાપાત્ર થશે.

(૨) કરારના સમયબાદ જે તારીખે નિયમિત નિમણૂંક આપવામાં આવે તે તારીખથી તેમને સરકારી કર્મચારીને મળવાપાત્ર હોય તેવા તમામ લાભો મળવાપાત્ર થશે તથા સરકારના સરકારી કર્મચારી અંગેના પ્રવર્તમાન તમામ નિયમો તેમને લાગું પડશે.

(૧૨) જગ્યાના અભાવે કે સક્ષમ સત્તાધિકારી દ્વારા કુદરતી ન્યાયના સિદ્ધાંતો અનુસરી કરવામાં આવેલી તપાસના અંતે પ્રસ્થાપિત થતી ગેરવર્તણૂંકના કારણોસર અથવા જુનીયર એક્ષપર્ટ, વર્ગ-૩ની જગ્યાની ફરજો બજાવવા માટેની તેમની યોગ્યતા/ક્ષમતાના અભાવે (કે જે વાર્ષિક મૂલ્યાંકન અહેવાલોના આધારે પ્રસ્થાપિત થતી હોય) તેમને એક માસની નોટીસ આપી અથવા એક માસનું ફીકસ પગારનું ચૂકવણું કરી નોટીસ આપ્યા સિવાય તેમની સેવાનો અંત લાવી શકાશે. તેઓ કરારીય સમયગાળા દરમ્યાન એક માસની નોટીસ અથવા રાજીનામું મંજૂર થયા બાદ છૂટા થઇ શકશે. પરંતુ જો કોઇ બોન્ડ આપવામાં આવેલ હશે તો તેવા બોન્ડની રકમ પણ તેમણે ચૂકવવાની રહેશે.

(૧૩) શ્રી/શ્રીમતી/કુ.:.........................................................................(ઉમેદવારનું નામ દર્શાવવું)ની આ પ્રમાણે કરાર આધારે ફીકસ પગારથી નિમણુંક થયા બાદ આ નિયમોમાં કોઇપણ પ્રકારના સુધારા વધારા થાય તો તેઓને તેવા સુધારા લાગુ પડશે.

## -:: પત્રક-૨ ::-

## -:: બાહેધરી ::-

આથી હું.................................................................................... નીચે સહી કરનાર રહેવાસી ................................................................................................................... ............. જણાવુ છું કે ગૃહ વિભાગના તા. .....................................ના ઠરાવ ક્રમાંક : ફસલ /૧૦૨૦૦૮/................/અથી નિયત કરવામાં આવેલ કરાર આધારે ફીકસ પગારથી સીનીયર એક્ષપર્ટ , વર્ગ-૩ની જગ્યાની સેવાની શરતો અને બોલીઓ મેં વંચાણે લીધેલ છે અને આ શરતો અને બોલીઓ મને સંપૂર્ણપણે કબુલ-મંજુર છે. તથા આ શરતો અને બોલીઓની નકલ પણ મને આપવામાં આવેલ છે. આ શરતો અને બોલીઓ મુજબ નિમણુંક મેળવવા તથા સીનીયર એક્ષપર્ટ , વર્ગ-૩ની તરીકે ફરજો/જવાબદારી બજાવવા હું સંમત છું. મારી કરાર આધારે ફીકસ પગારથી સીનીયર એક્ષપર્ટ, વર્ગ-૩ તરીકેની નિમણુંકએ નિયમિત સરકારી કર્મચારી તરીકેની નથી તે સાથે હું સંમત છું અને કરાર આધારે ફીકસ પગારથી સીનીયર એક્ષપર્ટ , વર્ગ-૩ તરીકેની નિમણૂંકના કરારીય સમયગાળા દરમ્યાન સરકારી કર્મચારીને મળવાપાત્ર હોય તેવા કોઇ લાભો મને મળવાપાત્ર થશે નહી તે સાથે હું સંમત છું. અને કરાર આધારે ફીક્સ પગારથી સીનીયર એક્ષપર્ટ , વર્ગ-૩ તરીકેના નિમણૂંકના કરારિય સમયગાળા દરમ્યાન સરકારી કર્મચારીને મળવાપાત્ર હોય તેવા કોઇ લાભોની હું માંગણી કરીશ નહી.

ઉપરોક્ત બાંહેધરી હું કોઇપણ જાતના દાબ- દબાણ વિના અને સંપૂર્ણ સભાન અવસ્થામાં શુધ્ધ બુધ્ધિથી કરૂ છું અને તે મને કબુલ- મંજૂર છે અને તે બદલ આજરોજ હું નીચે સહી કરી નિમણૂંક સત્તાને સુપ્રત કરું છું.

સ્થળ:- ..............................................

તારીખ :- નિમણૂંક મેળવનાર ઉમેદવારની સહી.

સ્થળ :-

તારીખ :- .........................................................

(સક્ષમ સત્તાધિકારીની સહી (વર્ગ-૨ કે તેથી ઉપરની કક્ષાના અધિકારી))

.....................................................................

(સક્ષમ સત્તાધિકારીનું નામ / હોદ્દો )

................વિભાગ/ખાતા/કચેરી.

સ્થળ :- (૧) ........................................................................

તારીખ :- (૨) ........................................................................

સાક્ષીની સહી.

## પત્રક – ૩

## કરાર આધારે ફીક્સ પગારથી નિમણૂંક મેળવનાર જુનીયર એક્ષપર્ટ , વર્ગ-૩ની

## કામગીરીનું મુલ્યાંકન અહેવાલનું પત્રક

## ભાગ- ૧

## મુલ્યાંકન અધિકારીની નોંધ.

વિભાગ/ખાતુ /કચેરીનું નામ:-...................................................................................

કરાર આધારે ફીક્સ પગારથી જે જગ્યા ઉપર નિમણૂંક આપવામાં આવી હોય તે જગ્યાનું નામ :- વર્ગ-૩

અહેવાલનો સમયગાળો :- તા:........થી તા:................

૧. કરાર આધારે ફિક્સ પગારથી નિમણૂંક મેળવનાર ઉમેદવારનું નામ. :-

૨. જન્મતારીખ :-

૩. કરાર આધારે ફીક્સ પગારથી પ્રથમ નિમણૂંકની તારીખ. :-

૪. કરાર આધારે ફીક્સ પગારથી હાલની જગ્યા પરની નિમણૂંકની તારીખ. :-

૫. ફરજ પરની ગેરહાજરીની મુદત. :-

૬. અહેવાલના સમયગાળા દરમ્યાન મેળવેલ તાલીમ અને પરીક્ષા પાસ કર્યાની વિગતો :-

૭. અહેવાલના સમયગાળા દરમ્યાન કરેલ કામગીરીની ટૂંકમાં વિગતો. :-

૮. ફરજના ભાગ રૂપે કરેલ કામગીરીનું મૂલ્યાંકન :-

૯. લખાણમાં વિચારોની સ્પષ્ટતા અને અભિવ્યક્તિના સામર્થ્ય અંગેનું મૂલ્યાંકન :-

૧૦. (અ) ગુજરાતી ભાષામાં પરિક્ષણ નોંધ અને અભિપ્રાય લેખન અંગેનું મુલ્યાંકન :-

(બ) અંગ્રેજી ભાષામાં પરિક્ષણ નોંધ અને અભિપ્રાય લેખન અંગેનું મુલ્યાંકન :-

૧૧. સરકારના નીતિ નિયમો, કાયદાઓ તથા કોર્ટકેસોના ચુકાદાઓની જાણકારી મેળવવા બાબતેની તથા વિકાસ અને સંશોધનની અભિરૂચિ :-

૧૨. પહેલવૃત્તિ, સૂઝ અને જવાબદારી ઉપાડવાની તત્પરતા અંગેનું મુલ્યાંકન :-

૧૩. કોમ્પ્યુટરના જ્ઞાન અંગેનું મૂલ્યાંકન તથા કોમ્પ્યુટર ઉપર કામગીરી કરેલ હોયતો તેનું મૂલ્યાંકન :-

૧૪. ઝડપી અને પકવ નિર્ણયો લેવાની શક્તિ અંગેનું મુલ્યાંકન :-

૧૫. ખાતાની કામગીરી માટેની અભિરૂચિ

૧૬. સાથી કર્મચારીઓ/અધિકારીઓ અને જાહેર જનતા સાથેના સંબંધો સહિત ચારિત્ર અને સ્વભાવ અંગેનું મુલ્યાંકન :-

૧૭. પ્રમાણિકતા અંગેનું મુલ્યાંકન :-

૧૮. અહેવાલના સમયગાળા દરમ્યાન કોઇ વિશિષ્ટ કામ કર્યું હોય તો તેની વિગતો અને તે બાબત અંગેનું મુલ્યાંકન

૧૯. અહેવાલના સમયગાળા દરમ્યાન કામગીરી સંદર્ભે, હાજરીની નિયમિતતા બાબતે, કચેરીની શિસ્ત બાબતે કે અન્ય કોઇ વિગતે ચેતવણી/સૂચનાઓ આપવામાં આવી હોય તો તેની વિગતો. :-

૨૦. અહેવાલના સમયગાળા દરમ્યાન જાહેર જનતા તરફથી સંબંધિત કર્મચારી વિરૂધ્ધ કોઇ લેખિત રજૂઆત/ફરિયાદ મળી હોયતો તેની વિગતો

૨૧.. અહેવાલના સમયગાળા દરમ્યાન કોઇ શિક્ષા થયેલ હોય તો તેની વિગતો

૨૨. ઉપરોક્ત તમામ મુદ્દાઓને લક્ષમાં લઇ એકંદર મુલ્યાંકન. :-

સ્થળ :-

તારીખ :-

....................................................

(અહેવાલ લખનાર અધિકારીની સહી)

નામ (મોટા અક્ષરે)..............................

હોદ્દો .............................................

## <u>ભાગ- ૨</u>

## સમીક્ષક અધિકારીની નોંધ

૧. અહેવાલ લખનાર અધિકારીનું મુલ્યાંકન આપ સંપૂર્ણપણે સ્વીકારો છો. જો ન સ્વીકારતા હોય તો જે બાબતમાં આપ સંમત ન થતા હો તે બાબતમાં જે તે કોલમમાં આપનું મુલ્યાંકન દર્શાવો.

૨. પ્રમાણિકતા વિશેનું અહેવાલ લખનાર અધિકારીનું મુલ્યાંકન આપ સ્વીકારો છો? જો ના સ્વીકારતા હો તો આપનુ મુલ્યાંકન દર્શાવો.

૩. એકંદર મુલ્યાંકન

સ્થળ :-

તારીખ :-

..........................................

(સમીક્ષક અધિકારીની સહી)

નામ (મોટા અક્ષરે) ..............................................

હોદ્દો ........................................